March 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 17 • Issue 06 / 193

• Mumbai • Page 8 • Price Rs. 2/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળ, પાટણના જૈન સમાજ માટે અનેક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. મૂળ ઉદ્દેશ સમાજને શિક્ષિત, સમૃદ્ધ અને સ્વાવલંબી કરવાનો છે. સમાજનાં જરૂરિયાતવાળા પરિવારને શૈક્ષણિક ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે તેમજ સમય-સંજોગો અનુસાર આર્થિક ક્ષેત્રે સહાયની જરૂર પડતી હોય છે. મંડળના માધ્યમથી આપણા સમાજનાં કુટુંબોને તેમની જરૂરિયાતોની સામે મહદ્અંશે મદદરૂપ થવાનો સંસ્થા પ્રયાસ કરે છે.

સંસ્થાના આર્થિક ભંડોળને અનુલક્ષીને મદદ પહોંચાડાય છે. અત્યારના ભંડોળ અને સમાજની જરૂરિયાત જોતા ૧૦૦% સહાય આપવી શક્ય નથી એ હકીકત છે. સામાજિક જરૂરિયાતના અમુક ક્ષેત્રે જેમકે મેડિકલ ક્ષેત્રે વધુ સહાયરૂપ થવા મેડિક્લેઈમ પોલીસી કરાવી એના પ્રિમિયમ ભરવામાં મદદરૂપ થઈ સંસ્થા સમાજનાં પરિવારોને માંદગી, ઓપરેશન દરમ્યાન મદદરૂપ થવા વર્ષોથી વિનંતી - આહવાન કરે છે.

**આપણા સમાજનાં અનેક કુટુંબો હજુ પણ મેડિક્લેઈમ પોલીસીથી વંચિત છે.** અવાર-નવાર પ્રતિબિંબના તેમજ મેડિકલ સમિતિના માધ્યમથી સંસ્થા દ્વારા મેડિક્લેઈમ પોલીસી ન હોય તો પરિવાર દીઠ મીનીમમ રૂા. ૧ લાખની પોલીસી લેવી જ જોઈએ એવી વિનંતીઓ કરવામાં આવી હતી. પોલીસીનું પ્રિમિયમ ભરવા પૈસા ખુટતા હોય તો મંડળની માર્ગદર્શિકા અનુસાર મેડિક્લેઈમ પ્રિમિયમ સહાય અપાશે એવી જાહેરાત પણ કરેલ હતી. આ સંદર્ભમાં ઘણા પરિવારોએ મેડિક્લેઈમ પોલીસી લીધી છે, પરંતુ હજુ અનેક પરિવારો એક યા બીજા કારણસર મેડિક્લેઈમ પોલીસીથી વંચીત છે. મારી સમાજના સૌ પરિવારોને વિનંતી છે કે **આ બાબત સમાજમાં જાગૃતિ લાવી સમાજનાં જે સભ્યો કે પરિવારની મેડિક્લેઈમ પોલીસી ન હોય તેમને મેડિક્લેઈમના કવચ હેઠળ સુરક્ષિત કરવાની તાકીદની જરૂર છે.** આજે શારિરીક શસ્ત્રક્રીયા તેમજ સારવાર એટલી મોંઘી થઈ ગઈ છે કે એક લાખની પોલીસીની કંઈ કિંમત નથી, આપણે એ મર્યાદામાં પણ વધારો કરવા પ્રયત્નશીલ છીએ, પરંતુ મુળ મુદ્દાની વાત એ છે કે સૌ જાગૃત થઈ મેડિક્લેઈમ પોલીસી લે અને **પોલીસી લેતી વખતે ક્લબો, સંસ્થાઓ તેમજ અન્યો તરફથી ગ્રુપ પોલીસીની થતી લોભામણી જાહેરાતોથી અંજાયા વગર આ બાબતના જાણકારની સલાહ લઈ પોતાના પરિવારની સ્વતંત્ર પોલીસી લેવી હિતાવહ રહેશે તેવું મારું માનવું છે.** સમાજનાં પરિવારો આ બાબત જાગૃતા દાખવી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મંડળને સહકાર આપે એમ હું ઈચ્છું છું.

મારા કાર્યકાળ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓના અહેવાલ અગાઉ પ્રગટ થઈ ચુક્યો છે એટલે એને દોહરાવવુ નથી. મારા કાર્યકાળમાં મંડળના સભ્યો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, કાર્યકરો, ટ્રસ્ટીઓ તેમજ શ્રી પાટણ જૈન મંડળના કર્મચારીઓ દ્વારા મળેલ સાથ-સહકાર અને સ્નેહ બદલ અંતઃકરણથી હું સૌનો આભાર માનું છું.

આ અંક આપની સમક્ષ આવશે તે પહેલા તા. ૨૬ માર્ચે યોજાયેલ પ્રમુખપદની ચૂંટણીનું પરિણામ આવી મારા અનુગામીની જાહેરાત થઈ ગઈ હશે. નવા પ્રમુખને અભિનંદન આપતા હું મંડળ અને સમાજ ઉત્કર્ષના દરેક કાર્યોમાં મારા અનુભવોનો લાભ આપતો રહીશ.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

### સાથ તમારો... સહકાર અમારો...

સમાજના ઘણા પરિવારોના પાટણ પ્રતિબિંબ તેમજ સંસ્થાના સભાસદોના અગત્યના પરિપત્રો પરત આવે છે ત્યારે સર્વે વાચક મિત્રોને જણાવવાનું કે આપનું ઘરનું સરનામું બદલાયું હોય કે મકાન સોસાયટી રી-ડેવલપમેન્ટમાં ગયેલ હોય તો સત્વરે સંસ્થાના કાર્યાલયમાં પુરુ નામ, સરનામું, પાટણનો મહોલ્લો તથા ટેલીફોન નંબર સહીતની વિગતો લેખિતમાં મોકલી આપવા વિનંતી. જેથી ભવિષ્યનો પત્રવ્યવહાર નવા સરનામે કરી શકાય. **આપશ્રી સરનામા ફેરફારની વિગતો સંસ્થાના મો. 9167902267 અથવા ઈમેલ: patanmandal@gmail મારફત પણ મોકલી શકો છો.**

❑ સંપાદક સમિતિ

# શ્રી પાટણ જૈન મંડળ, આધુનિક હોલ, નામાકરણ, અહેવાલ




કોમ્યુનિટી હોલ નામકરણ કરતા શ્રી ભરતભાઈ નેમચંદ શાહ




દાતાશ્રી રાકેશભાઈનું અભિવાદન કરતા મુરબ્બી શ્રી જે.કે. શાહ








શ્રી પાટણ જૈન મંડળના તાજેતરમાં અદ્યતન સુવિધાઓ સાથે થયેલ મરીનડ્રાઈવ ખાતેના કોમ્યુનિટી હોલનો નામાકરણ સમારંભ ગુરુવાર તા. ૦૩-૦૩-૨૦૨૨ના સંધ્યા સમયે રાખવામાં આવેલ. ત્યારે મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, મુખ્યદાતા શ્રી રાકેશભાઈ, સેવંતીલાલ કાંતિલાલ પરિવાર, સંસ્થાના ટ્રસ્ટી શ્રી પંકજભાઈ પનાલાલ શાહ, હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભાસદો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે પ્રારંભમાં સંસ્થાની શતાબ્દી અવસરે ખાસ તૈયાર કરવામાં આવેલ, પાટણ થીમ સોંગ પ્રદર્શિત કરવામાં આવેલ, ત્યારબાદ સંસ્થાના માનદમંત્રી (એડમિનિસ્ટ્રેશન) **શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ** દ્વારા ઉપસ્થિત સર્વે મહેમાનોનું સ્વાગત કરવાની સાથોસાથ **હોલના દાતા શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહના** જીવન ઝરમરથી સંક્ષિપ્તમાં સહુને માહિતગાર કરવામાં આવેલ. ઉપરાંત શ્રીમતી ગીતાબેનના પિતાશ્રી અને સંસ્થાના ભુતપૂર્વ **પ્રમુખશ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની** સમાજ સેવાઓને બિરદાવી હતી. ત્યારબાદ શ્રી રાકેશભાઈ ફેમીલીનો તૈયાર કરવામાં આવેલ સ્લાઈડ શો રજૂ કરવામાં આવેલ.

શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી તથા દાતા પરિવાર સભ્ય **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** દ્વારા સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, હોલના દાતા વગેરેની ઉપસ્થિતિમાં **''શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ''** નામાકરણ અનાવરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો દ્વારા **શ્રી રાકેશભાઈનું શાલ, શ્રીફળ તથા પુષ્પગુચ્છ તેમજ શ્રી ભરતભાઈનું પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન** કરવામાં આવેલ.

**મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ, દાતા શ્રી રાકેશભાઈ, શ્રી જે.કે.શાહ, મંડળના માજી ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ.**

કોમ્યુનિટી હોલના દાતા શ્રી રાકેશભાઈ દ્વારા તેમના પરિવારને નામકરણનો અમુલ્ય લાભ પ્રાપ્ત થયો છે તે બદલ સંસ્થા પ્રત્યે આભારભાવ પ્રદર્શિત કરવામાં આવેલ.

સમારોહના અંતમાં માનદમંત્રી (એડમિનિસ્ટ્રેશન) **શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ** દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

આ પ્રસંગે દાતાશ્રીના બહેન **શ્રીમતી જાગૃતિબેન પંકજકુમાર શાહે શ્રી રાકેશભાઈને પુષ્પગુચ્છ એનાયત** કરેલ.

આ પ્રસંગે નાસ્તો અને ઠંડા-પીણાનો પણ લાભ સૌએ લીધો હતો.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**



ઉપસ્થિત જન સમુદાય



શ્રી ભરતભાઈનું અભિવાદન કરતા પ્રમુખશ્રી દિનેશભાઈ

## દાતાશ્રી રાકેશભાઈનો પ્રતિભાવ પત્ર

સાદર પ્રણામ સાથે જણાવવાનું કે સંસ્થાના નૂતનીકરણ પામેલ હોલ **''શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ''ના 'નામાકરણ'નો અણમોલ અવસર તા. ૦૩-૦૩-૨૦૨૨ના રોજ માનનીય ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહના અધ્યક્ષપદ** નીચે સંસ્થાના ટ્રસ્ટીગણ, શ્રેષ્ઠીવર્યો, કારોબારીના સભ્યો, પારિવારિક સભ્યો, કાર્યાલયના સભ્યો તથા અન્ય સભ્યોની બહોળી હાજરીને સથવારે રંગેચંગે પરિપૂર્ણ થયો.

શ્રીમતી ગીતાબેનના પિતાશ્રી અને સંસ્થાના વિવિધ હોદ્દા ઉપર રહી સુદીર્ઘ સેવા આપનાર શ્રેષ્ઠીવર્ય શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સેવાઓને બિરદાવતા સર્વશ્રી ભરતભાઈએ, પ્રમુખશ્રી દિનેશભાઈએ, શ્રી જે.કે.શાહ સાહેબ, શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહ, શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલાએ તથા મંત્રીશ્રી અશ્વીનભાઈએ સુંદર સંચાલન સાથે શબ્દાંજલિ અને શ્રદ્ધાંજલિ આપી હતી. સંસ્થાના ઉક્ત હોલ સાથે શ્રીમતી ગીતાબેનનું નામ જોડાય તેને યથાયોગ્ય ઠેરવ્યું હતું.

ઉક્ત નામાકરણ પ્રસંગ અનુરૂપ સુંદર આયોજન બદલ હું વ્યક્તિગત રીતે પ્રમુખશ્રીનો, શ્રી ચંદ્રવદનભાઈનો, શ્રી સમીરભાઈનો તથા સંસ્થાના કાર્યાલયના સુદીર્ઘ સેવા આપનાર શ્રી મનુભાઈ જોશી સાહેબનો, શ્રી જ્ઞાનેશભાઈનો તથા અન્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત થયેલ સૌનો અને હાજર રહેલ સર્વે સભ્યો તથા મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

### *સંસ્મરણોની છાપ*

મને આજીવન ના સમજાયું
કે
આવે માત્રએક જ લહેર
સમુદ્ર કિનારે
ને વિલીન થઈ જાય પળવારમાં
રેતીમાં પાડેલ પગલાંની છાપ
તો પછી
વર્ષોથી વહેતી અશ્રુમેઘ લહેર
નયન કિનારે
તોય તશુભાર પણ વિલીન કેમ ના થાય
માનસપટ પરના અંકિત
કટુ સંસ્મરણોની છાપ ? ?

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસિયા**

## પાટણનું ગૌરવ - Pride of Patan




**Ahaan Bhavik Shah,** son of Mrs. Parin & Bhavik Bhadreshbhai Shah, from Khetarvasi - Shamlajini Sheri, Malad, has made us all Proud by having his record in the **"India Books of Records!"**

He has been the youngest child to write 128 Sanskrit Sutras from the **"Asthadhyayi Sutrapath"** in 3 minutes 14 seconds at the age of 8 years, on 23rd June, 2021. He is studying at **Orchids International in 3rd standard.** He has won many trophies and has always been an achiever since childhood.

We wish Ahaan **All the Best** for a very promising future.

**ફેબ્રુઆરી-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | | | |
|---|---|---|---|
| શેઠ અમીચંદ પનાલાલ આદિશ્વર ટેમ્પલ ટ્રસ્ટ (વાલકેશ્વર) | ૫,૫૫,૫૫૫ | શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક (ચીંચપોકલી) | ૧,૫૦,૦૦૦ | શ્રીમતી રમીલાબેન એવંતીલાલ શાહ (માર. મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી દમયંતિબેન મંગળભાઈ શાહ (ગોવાલિયા ટેંક) | ૫૧,૦૦૦ | શ્રી શાંતી ફાઉન્ડેશન, નેપીયન્સી રોડ | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ શાહ, ખેતરવસી, હ. શ્રી ધારીણીબેન પી. શાહ પરિવાર | ૫૧,૦૦૦ | શ્રી ચેતનભાઈ વ્રજલાલ શાહ, મલાડ (માર. મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી પારસભાઈ મહેતા પરિવાર | ૫૦,૦૦૦ | શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ (કપુરમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | ૩૭,૦૦૦ | શ્રી હરીયાલી વિલેજ જૈન શ્વે. મુ. સંઘ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રી સાગરભાઈ રોહિતભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૨૭,૦૦૦ | શ્રી આદેશ્વર શ્વે. મુ. જૈન સંઘ, શ્રી નગર કોલોની - ગોરેગામ | ૧૧,૦૦૦ |
| શ્રી આદિનાથ જૈન શ્વે. ટેમ્પલ, કેસરવાડી તીર્થ, ચેન્નઈ | ૨૫,૦૦૦ | શ્રી અશ્વીનભાઈ મહાસુખલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી જવાહરનગર શ્વે. મુ. જૈન સંઘ, ગોરેગામ | ૨૫,૦૦૦ | મોહ માદક જયંતિકુમાર | ૧૧,૦૦૦ |
| શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર જેશીંગલાલ શાહ (કપુર મહેતાનો પાડો) હ. કલ્પનાબેન બી. શાહ | ૨૫,૦૦૦ | શ્રીમતી ઉષાબેન મહેન્દ્રભાઈ જૈન | ૧૧,૦૦૦ |
| મે. વિપુલ ટુલ્સ સેન્ટર | ૨૧,૦૦૦ | શ્રી શાંતિલાલ ડાહ્યાભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી જિતેન્દ્રભાઈ ડી. શાહ | ૨૧,૦૦૦ | શ્રીમતી નેત્રાવતીબેન શાંતિલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી બીપીનભાઈ ઝવેરી | ૧૫,૦૦૦ | શ્રી રમીલાબેન હસમુખલાલ સાલવી | ૧૧,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્રભાઈ પંચોલી, શ્રી કિશોરભાઈ પંચોલી | ૧૧,૦૦૦ | જૈન જાગૃતિ સેન્ટર - પાટણ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ | ૧૧,૦૦૦ | શ્રીમતી પુર્ણિમાબેન પ્રબોધભાઈ મહેતા હ. શ્રી હીનાબેન યશમુખભાઈ માટલીવાળા | ૧૦,૦૦૦ |
| શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ | ૧૧,૦૦૦ | શ્રી પ્રબોધભાઈ મહેતા હ. શ્રી હીનાબેન યશમુખભાઈ માટલીવાળા | ૧૦,૦૦૦ |
| શ્રી ફેનીલ વિપુલભાઈ શાહ (કુંભારીયા પાડો) એટલાન્ટા USA | ૧૧,૦૦૦ | શ્રી વાલકેશ્વર સ્થા જૈન સંઘ, ચેરીટી ટ્રસ્ટ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# પરાજય માંજ છે 'જય'...!

આજનાં યંત્ર યુગમાં સ્પર્ધાડૂબ બનેલ આપણે સહુ જીતવાની દોડમાં એટલા આગળ વધી ગયા છીએ કે હારને ગરિમાપૂર્વક સ્વીકારવી, ખુમારીથી ઝીલવવી સમજ્યા જ નથી...! પોતાની પ્રિય વ્યક્તિની સામે નમતું જોખવામાં, હારવામાં પણ જીતનો અનુભવ આપણે સહુએ ક્યારેક ને ક્યારેક તો કર્યો જ હશે, પરંતુ જીવનમાં ક્યાંક નાની સરખી હાર થઈ કે તરત નિરાશા, હતાશા, નકારાત્મક અભિગમ અને ક્યારેક તો છેક આત્મહત્યા સુધી વાત વણસી જાય છે.

આજે આત્મહત્યાનો આંક સહુથી અધિક યુવાપેઢીમાં જ દેખાય છે, કારણ કે જેવી કોઈ નાનીશી હાર થઈ કે ફેંકી દો આ મહામુલો માનવ ભવ...! પરીક્ષામાં નાપાસ થયા તો આત્મહત્યા, પ્રેમમાં નિષ્ફળ થયા તો આત્મહત્યા, ઘરમાં પરિવારજનો સાથે નાનો-મોટો ક્લેશ થયો તો આત્મહત્યા, નોકરી-વ્યવસાયમાં અસફળતા તો આત્મહત્યા.

જે જીવન અનંત અનંત પુણ્યના ઉદયે મળ્યું છે, એ આજે માનવને મન શુષ્ક અને શૂન્ય લાગી રહ્યું છે. જે ખરેખર અનન્ય છે તેને ફેંકી દેવાની આટલી ઉતાવળ શા માટે? ઈશ્વરે આપણને ખામી રહિત સુડોળ સુંદર શરીર આપ્યું છે, તીવ્ર બુદ્ધિયુક્ત મગજ આપ્યું છે, લાગણીથી ભર્યું ભર્યું હૈયું આપ્યું છે, આવી સર્વાંગી સુંદર જિંદગી આપી છે એ ખોટો વલોપાત કરીને આપણે વેડફી નાખીએ છીએ. ઈશ્વરે આપણામાં જે વિશ્વાસ મુક્યો છે એનો ભંગ કરી રહ્યા છીએ. પરમાત્મા સહુને જીવનમાં અઢળક આપે છે, પણ એ મળશે જ એવી શ્રદ્ધાથી આપણે ખોબો ધરીને ઊભા જ ક્યાં રહીએ છીએ. કોઈ હાર એવડી મોટી નથી કે તારા સમગ્ર અસ્તિત્વ પર છવાયેલી રહે. દરેકે દરેક ઘટનાને સમગ્ર જીવનનાં સંદર્ભમાં જોવી જોઈએ. દરિયામાં કમોસમનું તોફાન આવી ચડે તેમ જીવનમાં અણધારી આંધી પણ ફૂંકાય, એટલા ખાતર કાંઈ સફર થોડી થંભાવી દેવાય? ચોપાસ આનંદનો અફાટ ઉદધિ ઉછળી રહ્યો છે, એને પામવાની જરૂર છે. જે કોઈ આખી જિંદગી માત્ર એક જ વાદળને તાકી તાકીને જોયા કરે છે, એને ક્યારેય અસીમ આકાશનો અનુભવ થતો નથી.

નાનપણથી જ બાળકને શીખવાડવામાં આવે છે કે, "જો તારે વર્ગમાં પ્રથમ નંબરે જ પાસ થવાનું છે," જો જે આ વખતે તો મારે સ્પોર્ટસમાં વિજેતા બની મેડલ લાવવાનું છે," "આ વક્તૃત્વ સ્પર્ધામાં તો તારે જ જીતીને પ્રથમ વિજેતા બનવાનું છે. "આ વર્ષે તો તારે C.A. Clear કરવું જ જોઈએ." - વિગેરે વિગેરે. પોતાના સપનાઓને બાળકની આંખોમાં ભરનાર માતાપિતા એ કેમ વિસરી જાય છે કે સપના જોવાની મનાઈ નથી, પરંતુ એ વાસ્તવિકતામાં પરિવર્તિત થાય જ એવો દુરાગ્રહ રાખવો ખોટો છે. જો ભૂલેચૂકે બાળક તે શમણાઓને સાકાર ના કરી શકે તો તેના બાળમાનસ પર એ ઘટનાઓની કેટલી ગંભીર અસર પડે છે...! તે જીવનભર પોતાને looser, good for nothing માની લઘુતાગ્રંથિ અનુભવે છે.

સદાય જીતવું - એવો જ હઠાગ્રહ રાખનાર એ કેમ ભૂલી જાય છે કે 'પરાજય'માં પણ 'જય' જ છે. ભાગ લેવો, પ્રમાણિકતાપૂર્વક જીતવાનો પ્રયત્ન કરવો આવશ્યક છે પણ વિજેતા તો માત્ર કોઈક એક જ બની શકે. હારનારે ખેલદિલીપૂર્વક જીતનાર વ્યક્તિને સાચા હૃદયથી અભિનંદન આપવા જોઈએ અને ભવિષ્યમાં પોતે પણ વિજેતા બને એવા પુનઃ પ્રયાસ શરૂ કરવા જોઈએ. ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેટલી પણ ટીમો રમે પરંતુ વિજેતાની ટ્રોફી માત્ર કોઈ એક જ ટીમને મળી શકે, મિસ યુનિવર્સ સ્પર્ધામાં કેટલાંય દેશોની સુંદરીઓ ભાગ લે પણ તાજસામ્રાજ્ઞી તો કોઈ પણ એક જ યુવતી બની શકે.

સરસ વિધેયક શ્રદ્ધાભર્યો અભિગમ સૂર્યોદય વહેલો કરી શકતો નથી, પરંતુ એ અંધકારમય રાત્રિને ટૂંકી બનાવી શકે છે. નિયતી નક્કી કરે છે કે આપણે કેવા સંજોગોમાંથી પસાર થવું, આપણે એ નક્કી કરવાનું છે કે આપણે કેવી રીતે પસાર થવું! સામાન્ય માનવીને આરસપહાણમાં સુંવાળાપ કે શીતળતા અનુભવાય પણ શિલ્પકારને

**વધુ માટે જુઓ પાના નં. ૫**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**
ADVT

(..પાના નં. ૪ થી ચાલુ)

એમાં કોઈક મૂર્તિના દર્શન થાય છે, કારણ કે પત્થરને પ્રતિમામાં કંડારવાનું કૌશલ એનામાં છે.

દરેક રાત કોઈ પૂનમની રાત હોવાની નથી, જે નૌકામાં નદી પાર કરી રહ્યા હોઈએ, એ તોફાનોથી હંમેશા મુક્ત રહેવાની નથી, જીવન-ઝરણું સમથળ ભૂમિમાં વહેવાની કોઈએ ખાતરી આપી નથી. જેને ખરેખર કાંઈ કરી બતાવવું છે એને કદી હાર નડતી નથી, ઈતિહાસના પાને નોંધાયેલ એવા કયા મહાપુરુષોનાં માર્ગ ઉપર માત્ર મુલાયમ બગીચાઓ પથરાયેલા હતા, કોઈ કહેશો ?

કોઈપણ પરાજય ક્યારેય અંતિમ હોતો નથી, વિપરીત પરિસ્થિતિમાં જ માનવીની શક્તિ ખીલી ઊઠે છે. જ્યારે તમને બધુ જ તમારી વિરુદ્ધ જતું લાગે ત્યારે પણ તમે ડગી ના જશો, સંભવ છે કે, ત્યાંથી જ દુર્ભાગ્યનો અંત અને સદ્‌ભાગ્યનો આરંભ થઈ રહ્યો હોય. હાર એ આંતર દર્શનનો અમૂલ્ય અવસર આપે છે; આત્મ પરખ અને દિશા દર્શન આપે છે. કાંઈક અવનવું, અજૂગતું, અણધાર્યું, અણગમતું બને તો તેને મનની કેળવણીની ઉત્તમ તક માનવી. જો બુદ્ધિ, હિંમત, દ્રઢ નિશ્ચય અને અથાગ પરિશ્રમપૂર્વક, ભગવાનમાં અડગ શ્રદ્ધા રાખીને એક એક ડગલું માંડીએ તો જીવનયાત્રામાં આગળ વધી લક્ષ્યને જરૂર સિદ્ધ કરી શકીએ.

જિંદગીમાં કંઈ જ અર્થ દેખાતો ન હોય તો તેમાં અર્થ ઉમેરવો - સાર્થક બનાવવી એ જ માણસનું કર્તવ્ય છે. કહેવત છે ને - હાર્યો જુગારી બમણું રમે...! હારને - પરાજયને એક પડકાર માની જીતનું લક્ષ્ય બાંધો. નામોશી હારવામાં નથી, કિંતુ હાર માની લઈ પુનઃ પ્રયત્નો ના કરવામાં છે.

*બને તો આપબળથી તું તરી જા તારો ભવસાગર,*
*કિનારા પર ડુબાડે છે ઘણાય તરનારાઓ;*
*બધા ય જીતનારાઓ વિજેતા નથી હોતાં,*
*જીવનમાં દાવ જીતે છે ઘણા ય હારનારાઓ...!!*

❑ **ઊર્વિ ઝવેરી**

## અભિનંદન

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજની ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિની સને ૨૦૨૨થી ૨૦૨૬ના વર્ષ માટે નવી રચાયેલ સમિતિમાં **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાળા)** (વાસુપૂજ્યની શેરી)ની ટ્રસ્ટી પદે વરણી થયેલ છે, તે બદલ હાર્દિક અભિનંદન.

શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા સાડાત્રણ દાયકાથી આ સંસ્થા સાથે સક્રીયપણે જોડાઈ સંનિષ્ઠ સેવાઓ આપી રહ્યા છે.

## પાટણનું ગૌરવ - Pride of Patan



**Krishma Pinakin Shah,** daughter of Sonali & Pinakin Chandrakantbhai Shah (Pattni opticion), from Bhabhano Pado has featured in **"Forbes India, 30 Under 30"**. It recognizes the dynamic and diverse young trailblazing entrepreneurs under age 30 from India. Krishma, a student of biotechnology (research enterprise), is a cofounder of **CliniBiz, an US based healthcare venture,** which is striving to break the inefficiencies in clinical trials. She is of the opinion that new treatments should be accessible to all.

We wish Krishma **All the Best** for all her future endeavours.




**પધારો પધારો પધારો**

**નવનિર્મિત તીર્થ :**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ - ભેંસાવહી**



વડોદરા થી ૭૬ કિ.મી.ના અંતરે (દોઢ કલાક) ભેંસાવહી ગામે સુંદર નૂતન ચોવીસ જિનાલય તીર્થનું નિર્માણ થયું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. તેમજ એની વિશિષ્ટતારૂપે ૨૪ તીર્થંકર અને વિશ વિહરમાન સિમંધર સ્વામી - પરિસરની નયનરમ્ય રચના કરવામાં આવેલ છે. દરેક ભગવાનના પરિકરની રચના અલગ અને અદ્‌ભુત છે. સાથે જ અદ્યતન વ્યવસ્થા અને સુવિધાવાળી ધર્મશાળા અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. આ ધર્મશાળા અને ભોજનશાળાનો લાભ **"શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (માટલીવાલા) (કનાસાનો પાડો) પરિવારે"** લીધેલ છે. આપ સર્વે ભાવિકોને આ તીર્થમાં પધારી સેવા પૂજા દર્શનનો અચૂક લાભ લેવા વિનંતી. વિશ્વના ૧૦૦ જોવા લાયક સ્થળોમાં જેની ગણના થાય છે તે **"સ્ટેચ્યુ ઓફ યુનિટી"** અહીંથી માત્ર ૬૫ કિ.મી. (સવા કલાક)ના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત તેમજ તીર્થના દર્શન - સેવાપૂજા - નવકારશી આમ 'યાત્રા' તેમજ 'પર્યટન' બન્નેનો આનંદ લઈ શકશો.

**વધુ વિગત માટે સંપર્ક :- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા મો. નં. 9930891985**

ADVT

## સાભાર સ્વીકાર

**સમાજ વિકાસ કોરપસ ફંડ :**

૧,૦૦,૦૦,૦૦૮/- શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ નામાકરણાર્થે. શ્રેષ્ઠીવર્યશ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ તથા શ્રીમતી હેમીબેન સેવંતીલાલ શાહના આત્મશ્રેયાર્થે (કુંભારીયા પાડો). હ. શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ (ગતાંકમાં સુધારીને વાચવું)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ જનરલ ફંડ :**

૬,૦૦,૦૦૦/- કેશવલાલ કિલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૫,૦૦,૦૦૦/- મે. તનવીરકુમાર એન્ડ કું. (ઝવેરીવાડો)

૩,૭૫,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર (ચીતારાની ખડકી)

**મેડિકલ સહાય ફંડ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી મીનાક્ષીબેન અશોકભાઈ શાહના સ્મરણાર્થે (જુનાડીસા) હ. શ્રી મિલનભાઈ કાંતિલાલ શાહ (તેલીયાવાળા) (શાંતિનાથની પોળ)

**મેડિકલ તથા શિક્ષણ સહાય ફંડ :**

૨,૫૧,૦૦૦/- શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ(ગુંદરવાળા)ના ૮૩માં જન્મદિવસ નિમિત્તે (વાસુપૂજ્યની શેરી)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫૧,૦૦૦/- શ્રીમતી દમયંતિબેન મંગળભાઈ શાહ (લખિયારવાડો)

૧૦,૦૦૦/- શ્રી ગુરૂકૃપા માતૃમંદિર જૈન સંઘ (તારદેવ, મુંબઈ)

૫,૦૦૦/- સાગર સમુદાયના આજ્ઞાવર્તી શ્રી પૂર્ણીતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી હ. શ્રીમતી હિનાબેન પંકજભાઈ શાહ

૫,૦૦૦/- શ્રી આહાન, સના મીહિરભાઈ શાહ

**મેડિકલ સહાય ભેટ :**

૨૫,૦૦૦/- સ્વ. શ્રીમતી નિર્મળાબેન પનાલાલ ભાઈચંદ શાહના સ્મરણાર્થે. (મહાદેવાજીની શેરી) હ. ડૉ. પંકજભાઈ પનાલાલ શાહ

૧૧,૦૦૦/- શ્રી વિરલભાઈ ચેતનભાઈ શાહ સ્વ. શ્રી ચેતનભાઈ વ્રજલાલ શાહના સ્મરણાર્થે. (મારફતીયા મહેતાનો પાડો)

૧૦,૦૦૦/- શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ સ્વ. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહની દસમી પુણ્યતિથી નિમિત્તે (અબજી મહેતાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૨૫,૦૦૦/- સ્વ. શ્રી ચીમનલાલ ભાઈચંદ શાહના સ્મરણાર્થે. હ. ડૉ. પંકજભાઈ પનાલાલ શાહ (મહાદેવાજીની શેરી)

૧૫,૦૦૦/- જયંતિલાલ ફતેહચંદ ફાઉન્ડેશન (ખેતરવસી)

**વિધવા સહાય ભેટ :**

૫૧,૦૦૦/- શ્રીમતી મીનાબેન નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો) ઉપધાન તપ નિમિત્તે.

## અવયવદાન અને નેત્રદાન

**જીવન બાદ પણ થતું એક સત્કાર્ય એટલે નેત્રદાન અને અવયવદાન. આજના આ વૈજ્ઞાનિક યુગમાં મૃત્યુબાદ આપણા શરીરના અમુક ભાગો જો બીજાને જીવાડવા કામ લાગતા હોય તો એને બાળી નાખવા કે દાટી નાખવા કરતા જરૂરત મંદ વ્યક્તિને કામમાં આવે તેવી રીતે દાનમાં આપવા જેનાથી મૃત્યુ બાદનું સત્કાર્ય પણ શક્ય બને. તેથી જ જીવનબાદ અવયવદાન ઉત્તમોત્તમ દાન થઈ શકે છે.**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | અમીતાબેન તિલકભાઈ શાહ | ૭૭ | ફોર્ટ | ૦૧-૦૨-૨૨ | પોષ વદ ૩૦ |
| વિશા ઓસવાલ | ઝવેરી વાડો | લલિતાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૮૯ | સુરત | ૦૮-૦૨-૨૨ | મહા વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | ઈન્દીરાબેન સુરેશભાઈ શાહ | ૭૮ | બ્રીચકેન્ડી | ૧૭-૦૨-૨૨ | મહા વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | પ્રેમીલાબેન સુરેશચંદ્ર જૈન | ૮૨ | બોરીવલી | ૧૮-૦૨-૨૨ | મહા વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | કિશોરીબેન પનાલાલ શાહ(છત્રીશા) | ૯૨ | યુએસએ | ૧૯-૦૨-૨૨ | મહા વદ ૦૩ |
| વિશા પોરવાળ | ખજુરીનો પાડો | સુરેખાબેન શૈલેષભાઈ શાહ | ૭૦ | કાંદિવલી | ૨૧-૦૨-૨૨ | મહા વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | કાશ્મીરાબેન લલિતભાઈ શાહ | ૭૬ | ભાયંદર | ૨૪-૦૨-૨૨ | મહા વદ ૧૦ |
| ● વિશા શ્રીમાળી | પોળની શેરી | શોભનાબેન બાબુલાલ શાહ | ૬૦ | પાટણ | ૨૧-૦૧-૨૨ | પોષ વદ ૦૩ |

(ગતાંકમાં શરતચૂકથી શાંતાબેન છપાયેલ, તે શોભનાબેન નામ છે, નામ સુધારીને વાચવું)

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# GALA DINNER & AWARD CEREMONY

પાટણ પ્રિમિયર લીગ સિઝન **V** દરમ્યાન કોવિડ અંગેના સરકારી પ્રતિબંધને કારણે દરેક મેચ દરમ્યાન એવોર્ડની વહેંચણી કરવી શક્ય ન હતી. ટુર્નામેન્ટમાં લગભગ ૩૫ મેચો રમાયેલ તે દરેકના **'મેન ઓફ ધ મેચ', 'બેસ્ટ બોલર - બેસ્ટમેન'** વિગેરે એવોર્ડ્સનું વિતરણ તેમજ ટીમ ઓનર્સ - ખેલાડી - ટુર્નામેન્ટ સ્પોન્સર તથા સૌ બિઝનેસ પાર્ટનર્સનું **''ગેટ-ટુ-ગેધર મેગા ઈવેન્ટ'' તા. ૯મી માર્ચ, મુંબઈ ગરવારે ક્લબમાં** યોજાયેલ. એ પ્રસંગે ટુર્નામેન્ટમાં ઝળહળતી ફતેહ મેળવનાર ખેલાડીઓને મંડળના પ્રમુખ, ઉપપ્રમુખો, માનદ્‌મંત્રી તથા સ્પોર્ટસ સમિતિના સભ્યોના હસ્તે એવોર્ડ પ્રદાન કરાયેલ તે પ્રસંગની તસ્વીરો.

❑ **સ્પોર્ટસ સમિતિ**
















Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● March 2022 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# દિશા કાર્યશાળા, પાટણનો અહેવાલ








સને ૨૦૨૨ નવી આશા સાથે આવ્યું હોય તેવું લાગી રહ્યું છે, લગભગ બે વર્ષ પછી પાટણની કાર્યશાળામાં જવાનું થયું. ત્યારે મનથી નક્કી જ હતું કે બાળકો સાથે બેસી કાંઈક કરીશું. **'નાડા બેટ'** નામ મનમાં ઘુટાઈ રહ્યું હતું, કોઈ લીંક મળતી ન હતી, પણ ગુગલ પરથી બધુજ ગોઠવાઈ ગયું.

BSF ની સખત પરિશ્રમ અને આપણા **'વાઘા બોર્ડર'ની કોપી** કદાચ તેનાથી પણ વધુ સુંદર નાડા બેટની મુલાકાતે બાળકો સાથે જવાનું થયું. જે પ્રેમ, જે વ્હાલ, જે આદર બાળકોને મળ્યો છે, તે બદલ BSFના જવાનોને 'સેલ્યુટ' કર્યા વગર રહેવાતું નથી.

આટલી ઉંચી પોસ્ટ પરના જવાનો ગાઈડ બની બાળકોની વ્હીલચેર ચલાવે. જમાડવામાં મદદ કરે એ પણ ફ્રી ઓફ કોસ્ટ તે ધારણા કરતાં ઘણું વધારે હતું.

તા. ૦૬-૦૩-૨૦૨૨નો દિવસ કનાસાના પાડાની સાલગીરીનો હતો, બાળકોએ ધજારોહણ વખતે રેલાવેલ બેન્ડની અદ્ભુત સુરાવલી માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. ત્યારબાદ બધા બાળકોને સાથે બેસાડીને પ્રેમથી જમાડ્યા અને શ્રીકાંતભાઈએ ત્યાંના બાળકો માટે રોજ ફલાહાર માટેનું આયોજન કર્યું છે.

તા. ૦૭-૦૩-૨૦૨૨ના દિવસે વાલી મિટીંગ અને તા. ૦૮-૦૩-૨૦૨૨ પાટણ caryfar Resturantમાં નાની બાળકી **'એલાહા'**નો જન્મદિવસ સુંદર રીતે મનાવ્યો. એવું કહી શકાય કે **''ડીજીટલ બર્થડે''** બાળકો પાટણ અને એલાહા મુંબઈમાં પણ ખુશી અનેરી હતી. બેન્ડ સાથે સ્વાગત કર્યું. તેમના ઘરની દરેક વ્યક્તિનો આનંદ સમાતો ન હતો. આનાથી સારી વુમન્સડે ગિફ્ટ શું હોઈ શકે ?

❑ **દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ**

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,